Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક: ૭૩
સને: ૧૯૭૫-૭૬
સંવત: ૨૦૩૨

૭૩ અંક ૧થી૧૨

પુ-૭૩

સંવત ૨૦૩૨

૨૦૩૨

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક ફાઈલ

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧.

૧૨

સંવત. ૨૦૩૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

૧૬-૧૧-૭૫

# પરિપત્ર

પૂજ્ય સભાસદ બંધુઓ/બહેનો

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેનાં કાર્યો માટે સં. ૨૦૩૨ના માગસર વદિ ૩ તા. ૨૧-૧૨-૭૫ રવિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠશ્રી ભોગીલાલભાઇ લેકચર હોલમાં મળશે તો આપ અવશ્ય પધારવા તસ્દી લેશો.

કાર્યો :—

(ક) તા. ૨૦-૭-'૭૫ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજૂર કરવા.

(ખ) સં. ૨૦૩૦ ની સાલના આવક-ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજૂર કરવા.
આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજૂર કરેલ છે, તે સભ્યોને જોવા માટે સભાના ટેબલ ઉપર મૂકેલ છે.

(ગ) સંવત ૨૦૩૨ની સાલના હિસાબ ઓડીટ કરવા માટે ઓડિટરની નિમણુંક કરવા તથા તેનું મહેનતાનું નક્કી કરી મંજૂરી આપવા.


(ઘ) પ્રમુખશ્રીની મંજૂરીથી મંત્રીઓ જે રજૂ કરે તે..

લી૦ સેવકો
જાદવજી ઝવેરભાઇ શાહ
હીરાલાલ જુઠાલાલ શાહ
માનદ્ મંત્રીઓ

તા. ક.—આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તે જ દિવશે બંધારણની કલમ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ : ૭૩ ] વિ. સં. ૨૦૩૨ કારતક .·. ઈ. સ. ૧૯૭૫ નવેમ્બર [ અંક : ૧

# મહાવીર-વન્દના અષ્ટકમ્

मोक्षमार्गोपदेष्टारं, छेत्तारं पापशाखिनः ।
रिपुषट्कनिषेद्धारं, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ १ ॥
पतितपावनं देवं दलितानां हितैषिणम् ।
दैन्यदारिद्र्यहन्तारं, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ २ ॥
दुर्बुद्धिग्रस्त जीवानां, सम्यग् बुद्धि प्रदायकम् ।
मोह समूल भेत्तारं, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ ३ ॥
मातृभक्ति प्रदेष्टारं, भव्यानां गर्भ कालतः ।
बाल्यकाले महाशूरं, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ ४ ॥
त्रैशलेयं महावीरं, सैद्धार्थिं पौरुषान्वितम् ।
दयावन्तं क्षमावन्तं वन्देऽहं ज्ञातनन्दनम् ॥ ५ ॥
सर्वस्मिन् प्रतिष्ठातारं जैनत्वस्य सुखस्य च ।
शान्तिसमाधि दातारं वन्देऽहं ज्ञातनन्दनम् ॥ ६ ॥
विवेक चक्षु प्रदातारं सर्वेषां पापरोधकम् ।
सम्यग् ज्ञानप्रणेतारं, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ ७ ॥
पूर्णानन्दमयं शान्तं, धर्मविद्या प्रकाशकम् ।
एतादृशं महावीरं, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ ८ ॥
देवाधिदेववीरस्य मद्जीह्वापावनी कृते ।
गुम्फिता वन्दना श्रेष्ठा, पूर्णानन्देन धीमता ॥ ९ ॥

રચયિતા : પં. પૂર્ણાનન્દવિજય (કુમારશ્રમણ) બોરીવલી (વેસ્ટ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતનવર્ષના મંગળ પ્રવેશે

લે. મનસુખલાલ તારાચંદ મહેતા

ભગવાન મહાવીરની પચ્ચીસો ને એકમી નિર્વાણ શતાબ્દી જયંતીની સાથોસાથ, શ્રી જૈન આત્માનંદ સભાનું મુખપત્ર 'શ્રી આત્માનંદ પ્રકાશ' પ્રસ્તુત અંકથી બોતેર વર્ષની લાંબી મઝલ પૂર્ણ કરી તોંતેરમાં વર્ષમાં પ્રવેશ કરે છે. આ મંગળ પ્રસંગ સમગ્ર જૈન સમાજ માટે આનંદ અને ગૌરવનો વિષય છે. આવી અપૂર્વ સફળતા માટેનો સાચો યશ સ્વ. પૂજ્ય પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ જેમની પ્રેરણાથી આ સભાએ પ્રાચીન સાહિત્ય પ્રકાશનની શરૂઆત કરી તેમજ સ્વ. પૂજ્ય આચાર્ય પ્રવર શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ; પૂ. મુનિરત્ન શ્રી ચતુરવિજયજી મહારાજ અને પ્રાતઃ સ્મરણીય આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજના ફાળે જાય છે. તદુપરાંત શાંતમૂર્તિ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ તેમજ પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી ભક્તિવિજયજી મહારાજ-જેમની તરફથી આ સભાને હસ્ત લિખિત મહામૂલા પ્રાચીન સાહિત્ય ગ્રંથોનો અપૂર્વ સંગ્રહ પ્રાપ્ત થયો હતો, તે સૌનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

દેવ, ગુરુ અને ધર્મને વફાદાર રહી, જૈન સમાજનો અભ્યુદય થાય અને એકતા સધાય એવા પ્રેરણાત્મક લેખો, કાવ્યો અને કથાઓ તેમજ જૈન દર્શન, તત્ત્વજ્ઞાન અને ધાર્મિક શિક્ષણ અંગેના લેખોને મુખ્યત્વે 'શ્રી આત્માનંદ પ્રકાશ'માં સ્થાન આપવામાં આવે છે. ગદ્ય અને પદ્ય વિભાગમાં વિવિધ સુંદર સામગ્રી પીરસવામાં આ વર્ષે મુખ્ય ફાળો પૂ. આચાર્ય વિજયદક્ષસૂરિજી પૂ. પં. શ્રી હેમચંદ્રવિજયજી ગણિ, પૂ. મુનિશ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ, પૂજ્ય સાધ્વીઓશ્રી ૐકારશ્રીજી, કનકશ્રીજી, તથા અન્ય લેખકોમાં શ્રી ભાનુમતિબેન દલાલ, કુ. સુશીલા જૈન તેમજ ડૉ. ભગવાનદાસ મનસુખલાલ મહેતા, શ્રી હિરાલાલ ર. કાપડિયા, ઉપેન્દ્રરાય જ. સાંડેસરા, ઝવેરભાઇ બી શેઠ, પં. શ્રી દલસુખભાઇ માલવણિયા, ભોગીલાલ જ. સાંડેસરા, રતીલાલ મફાભાઇ શાહ, પં. શ્રી લાલચંદ્ર ભગવાન ગાંધી, મકરન્દ દવે, ડૉ. ભાઇલાલ બાવીશી, અમરચંદ માવજી દેશાઇ જગજીવનદાસ જે. અને અન્ય નાના મોટા લેખકોનો છે, જે સૌનો આ તકે અમે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

ગત વર્ષમાં સર્વશ્રી નાનચંદ તારાચંદ શાહ, શ્રી હીરાલાલ જુઠાલાલ શાહ, શ્રી નારાણજી શામજી મોમાયા, શ્રી વીરચંદ મીઠાભાઇ શાહ, શ્રી અજવાળીબેન બેચરદાસ પંડિત, શ્રી પ્રભુદાસ રામજી મહેતા, શ્રી ચીમનલાલ હરિલાલ શાહ, શ્રી વૃજલાલ રતિલાલ શાહ, વિજેન્દ્રભાઈ હિંમતલાલ દલાલ અને શ્રી શામલજી કુલચંદ વસા આ સભા સાથે પેટ્રન તરીકે જોડાયાં છે. તદપરાંત સર્વશ્રી વિનયચંદ વીરજીભાઈ ધાબરાવાળા શ્રી પ્રમોદકાન્ત ખીમચંદભાઈ શાહ એમ એ. બી. કોમ. એલ. એલ. બી., શ્રી જયંતીલાલ એસ. બદામી, શ્રી ગૌતમલાલ એ. શાહ, શ્રી ગુલાબચંદ કુલચંદ શાહ, નવનીતરાય રતનજી, દોશી રમેશકુમાર મનસુખલાલ, શ્રી નટવરલાલ એમ. શાહ, શ્રી જયંતીલાલ રતિલાલ મહેતા, શ્રી હિંમતલાલ પ્રેમચંદભાઈ, શ્રી હિંમતલાલ ચાંપશીભાઈ, શ્રી કેશવલાલ મુલચંદ વોરા, શ્રી જયેશકુમાર નવનીતરાય બાબુભાઈ લલ્લુભાઇ દોશી અને શ્રી સોરઠ વંથળી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપગચ્છ સંઘ આ સભાના આજીવન સભ્યો બની સભાના કાર્યને સહકાર અને ઉત્તેજન આપેલ છે, તે બદલ આ સૌ મહાનુભાવોનો આ તકે અમે આભાર માનીએ છીએ.

ગત વર્ષમાં આપણી સભાના પેટ્રન ડો. વલ્લભદાસ નેણશીભાઈના તા. ૩-૫-૭૫ શનિવારના રોજ મોરબી મુકામે થયેલ અવસાનની નોંધ લેતા અમે ખૂબ દીલગીરી અનુભવીએ છીએ. સ્વર્ગસ્થ ખૂબ લોકપ્રિય ડોકટર હતા. સ્વભાવે સરળ, માયાળુ અને ધર્મપ્રેમી હતા. તેઓ ઉત્તમ કોટિના લેખક હતા અને તેમને જૈનધર્મનું ઊંડું જ્ઞાન હતું. નિવૃત્ત થયા પછી તેમનો સમય વાંચવામાં તેમજ લખવામાં પસાર કરતા અને વૃદ્ધાવસ્થામાં પણ તેમણે તેમનું સ્વાસ્થ્ય અખંડ જાળવી રાખ્યું હતું.

ઉંઝા ફાર્મસીવાળા શેઠ ભોગીલાલભાઈ નગીનદાસના સં. ૨૦૩૧ ના ફાગણ શુદ ૧૨ ના રોજ અમદાવાદ મુકામે થયેલ અવસાનની નોંધ લેતા અમે ઊંડો આઘાત અનુભવીએ છીએ. સ્વર્ગસ્થ શ્રી આપણી સભાના આજીવન સભ્ય હતા અને તેને સભા પ્રત્યે ભારે આદર હતો. આ સભાના પેટ્રનો અને આજીવન સભ્ય બંધુઓને ભેટ આપવા તેઓ ઘણા વરસોથી પંચાંગો મોકલાવતા. તેઓ શ્રીમદ્ રાજચંદ્રજીના અનન્ય ભક્ત હતા.

ભાવનગર નિવાસી શાહ શાંતિલાલ ચત્રભૂજનું મુંબઇ મુકામે તા. ૯-૫-૭૪ ના રોજ દુઃખદ અવસાન થયાની નોંધ લેતા અમને દુઃખ થાય છે. સદ્ગત શ્રી આ સભાના આજીવન સભ્ય હતા.

આ સભાની અર્ધી સદીથી પણ વધુ સેવા કરનાર સભાના માજી પ્રમુખ સ્વર્ગસ્થ. શ્રી ગુલાબચંદભાઇ આણંદજીના ધર્મપત્ની અને આપણી સભાના પેટ્રન અને સેવાભાવી કાર્યકર શ્રી. મનુભાઈ ગુલાબચંદ કાપડીયાના માતુશ્રી પૂ. રંભાબેનના સં. ૨૦૩૧ ના પોષ શુદ ૨ મંગળવાર તા. ૧૪-૧-૭૫ ના દુઃખદ અવસાન થયાની નોંધ લેતા અમને દુઃખ થાય છે. સદ્ગત પૂ. રંભાબહેન આ સભાના આજીવન સભ્ય હતા.

ડૉ. મણિલાલ લલ્લુભાઇ શાહ તા. ૩૦-૮-૭૪ ના રોજ રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યાં. સ્વર્ગસ્થ શ્રી સભાના આજીવન સભ્ય હતા. તેઓ અનન્ય ધર્મપ્રેમી અને સ્વભાવે મિલનસાર હતા.

શ્રી. અમૃતલાલ ગોવિંદજી પારેખ (બચુભાઇ) નું ભાવનગર મુકામે તા. ૨૧-૫-૭૫ના દુઃખદ અવસાનની નોંધ લેતા અમે ખેદ અનુભવીએ છીએ. સદ્ગત શ્રી સભાના આજીવન સભ્ય હતા. તેઓ અત્યંત સરળ, નમ્ર, માયાળુ અને મિલનસાર પ્રકૃતિ ધરાવતા.

તા. ૧૦-૧૦-૭૫ ના રોજ જુનાગઢ નિવાસી શેઠશ્રી વિનયચંદ હરખચંદના મુંબઈ મુકામે થયેલ સ્વર્ગવાસની નોંધ લેતા અમે અત્યંત ખેદ અનુભવીએ છીએ. સદ્ગત શ્રી અત્યંત ધાર્મિક વૃત્તિના હતા તેમજ જૈનધર્મ પરનો તેમનો અભ્યાસ ખૂબ જ ઊંડો અને તલસ્પર્શી હતો. સદ્ગતશ્રી આ સભાના આજીવન સભ્ય હતા અને સભા પ્રત્યે અત્યંત લાગણી ધરાવતા હતા.

ઉપરોક્ત સભાના પેટ્રન તેમજ આજીવન સભ્યોના આત્માને અમે ચિરસ્થાયી શાંતિ ઇચ્છીએ છીએ અને તેમના કુટુમ્બીજનો પર આવી પડેલા દુઃખ પ્રત્યે સમવેદના વ્યક્ત કરીએ છીએ.

મહીસુર યુનિવર્સિટીના જૈનોલોજી અને પ્રાકૃત વિભાગના વડા ડૉ. આદિનાથ નેમિનાથ ઉપાધ્યેના તા. ૮-૧૦-૭૫ના રોજ કોલ્હાપુર મુકામે થયેલ અવસાનથી અમે ખૂબજ ઊંડા શોક અને આઘાતની લાગણી અનુભવીએ છીએ. સ્વર્ગસ્થ શ્રી ઉપાધ્યે પ્રાકૃત ભાષાના અને જૈન દર્શન શાસ્ત્રના ઊંડા અભ્યાસી હતા. ગયા સ્વાતંત્ર્ય દિને એટલે તા. ૧૫મી ઓગસ્ટે તેઓશ્રીને રાષ્ટ્રપતિ તરફથી સંસ્કૃત ભાષાના નિષ્ઠાપૂર્વકના અભ્યાસી તરીકે સર્ટિફીકેટ ઓફ ઓનર અર્પણ કરવામાં આવ્યું હતું. જૈન આત્માનંદ સભા તેમજ આપણા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકાશનો અંગે તેમના દિલમાં ખૂબ આદરની લાગણી હતી. સભાના મણિ મહોત્સવ પ્રસંગે તેઓશ્રી ભાવનગર પધાર્યા હતા અને પૂજ્ય મુનિશ્રી જંબૂવિજયજી સંપાદિત સંશોધિત કરેલ 'દ્વાદશાર નયચક્ર'ના અમૂલ્ય ગ્રંથની પ્રકાશન વિધિ તેઓશ્રીના શુભ હસ્તે થયેલ હતી. સભાના પ્રમુખ શ્રી. ખીમચંદભાઈ શાહના સન્માન સમારંભ વખતે તેમના સંદેશામાં જણાવ્યું હતું કે, "Such dedicated workers are rare in these days, and hence his services are all the more valuable." આ શબ્દો સદ્ગત શ્રી સભાના માજી પ્રમુખ શ્રી. શાહ સાહેબના કેવા નિકટના પરિચયમાં હતા તે બતાવી આપે છે. શ્રી. ઉપાધ્યે જતાં જૈન સમાજે એક અણમૂલ રત્ન ગુમાવ્યું છે. અમે તેમના આત્માને ચિરસ્થાયી શાન્તિ ઇચ્છીએ છીએ અને તેમના કુટુમ્બીજનો પર આવી પડેલ દુઃખ પ્રત્યે સમવેદના વ્યક્ત કરીએ છીએ.

શ્રીમતી નર્મદાબાઈ ચત્રભુજ ગાંધી મહિલા કોલેજની સ્થાપનાથી બાવીસ વર્ષ સુધી તદ્દન અવેતન માનદ આચાર્યપદે રહી શ્રી. શાહ સાહેબે પોતાના પુરુષાર્થ અને પ્રતિભાથી એ કોલેજની લોકહૃદયમાં તેમજ યુનિવર્સિટીમાં એક આગવી પ્રતિષ્ઠા ઊભી કરી. નાદુરસ્ત તબિયતના કારણે આ સંસ્થામાંથી નિવૃત થતાં કોલેજના ઉપક્રમે શ્રી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળના સહકારથી તા. ૧૫-૨-૭૫ ના ભાવનગરમાં શ્રી. શાહ સાહેબનો નિવૃત્તિ સન્માન સમારંભ ઉજવવામાં આવ્યો હતો. આ સમારંભમાં અતિથિ વિશેષ પદે મુંબઇના સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રી અને ચિંતક શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ ઉપસ્થિત રહ્યા હતા. એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટી તરફથી ઉપસ્થિત રહેલા ડેપ્યુટી રજીસ્ટ્રાર શ્રી. આઈ. એન. કાજી સાહેબ તથા નિવૃત્ત આચાર્યશ્રી ડી. એસ. ફાટક સાહેબે યુનિવર્સિટી તરફથી શ્રી. શાહ સાહેબને આ પ્રસંગે પુષ્પહાર તથા શાલ અર્પણ કર્યા હતા. આ અપૂર્વ સન્માન સમારંભનું પ્રમુખસ્થાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ અને વિદ્વાન સાહિત્યકાર શ્રી. યશવંતભાઇ શુક્લે શોભાવ્યું હતું. આ પ્રસંગે તૈયાર કરવામાં આવેલ શ્રી. શાહ સાહેબના તૈલ ચિત્રની અનાવરણ વિધિ શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહે કરી હતી. ભાવનગર સ્ત્રી કેળવણી મંડળના પ્રમુખ શ્રી. ભોગીલાલ શેઠે શ્રી. શાહ સાહેબની જૈન સમાજની સેવાઓનો ઉલ્લેખ કરતાં આ પ્રસંગે કહ્યું હતું કે, "શ્રી. ખીમચંદભાઇએ આ કોલેજ ઉપરાંત જૈન સમાજની પણ સારી સેવા કરી છે, તેનો મારે ઉલ્લેખ કરવો જોઇએ. જૈન સમાજ માત્ર ધનનો જ ઉપાસક નથી, વિદ્યાનો પણ ઉપાસક છે. જૈન આત્માનંદ સભાનો વહીવટ શ્રી. ખીમચંદભાઇ કેવી ઉત્તમ રીતે કરી રહ્યા છે તેની તો સૌને ખબર હશે."

શ્રી. શાહ સાહેબ જૈન આત્માનંદ સભા સાથે ઉપપ્રમુખ પદે સં. ૨૦૦૨ ની સાલમાં જોડાયા અને પ્રમુખ શ્રી. ગુલાબચંદ આણંદજીના સ્વર્ગવાસ પછી તેમણે સં. ૨૦૧૪ની સાલથી સંસ્થાનું પ્રમુખ પદ સ્વીકાર્યું. શ્રી. શાહ સાહેબે પોતાની કાર્યકુશળતા, નિખાલસ સ્વભાવ અને દીર્ઘદષ્ટિથી સંસ્થાનો અપૂર્વ વિકાસ કર્યો. અનેક નવા પ્રકાશનો કર્યા. નાદુરસ્ત તબિયતના કારણે તેઓ નિવૃત્ત થતાં તેમના સન્માનનો સમારંભ શ્રી જૈન આત્માનંદ સભાના ઉપક્રમે ભાવનગરમાં તા. ૨૧-૯-૭૫ ભાદરવા વદ ૧ રવીવારના રોજ સવારના ૧૦ વાગે, જૈન આત્માનંદસભાના શેઠશ્રી ભોગીલાલ લેકચર હોલમાં અત્યંત ભવ્ય રીતે ઉજવાયો. આ સમારંભનું અધ્યક્ષપદ સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી. વિનયકાન્ત મહેતાએ શોભાવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ શ્રી. હરસુખભાઈ સંઘવી તેમજ જાણીતા ઉદ્યોગપતિ શ્રી. વાડીલાલ ચત્રભુજ ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. આ સન્માન સમારંભમાં જૈન સંઘના આગેવાનો,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાધ્યાપકો તેમજ સંસ્થાના અને મુ. શ્રી. ખીમચંદભાઈના અનેક શુભેચ્છકોએ મોટા પ્રમાણમાં હાજરી આપી હતી. આ પ્રસંગે ચારે તરફથી તેમજ અનેક સંસ્થાઓ તરફથી શ્રી. શાહ સાહેબની સેવાને બિરદાવતાં અનેક સંદેશાઓ મળ્યાં હતાં.

ડૉ. શ્રીમતી મધુરીબેન શાહ, વાઇસ ચાન્સેલર એસ એન. ડી. ટી યુનિવર્સિટી–મુંબઈએ પોતાના સંદેશામાં જણાવ્યું હતું કે, "નિસ્વાર્થભાવે મૂક સેવા કરવી એ જેનો જીવન મંત્ર છે એવી આ કાર્યશીલ, પ્રગતિમય રહેલી વ્યક્તિ સદા વાચન, ચિંતન અને મનનના ત્રિવેણી સંગમ તટે સદા સ્વૈર વિહાર કરતા રહે છે એજ એનો નિજાનંદ છે. શ્રી જૈન આત્માનંદ સભાના પ્રમુખ તરીકે અદા કરેલી તેમની સેવા વ્યક્ત કરવા શબ્દોનો સહારો લેવો વ્યર્થ છે! એના અંગત પરિચયમાં આવેલી પ્રત્યેક વ્યક્તિ આ વિભૂતિની સેવા વૈભવની ગાથા ગાઈ શકે."

આ સન્માન સમારંભમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ શ્રી. હરસુખભાઈ સંઘવીએ ભાવનગરના જૈનોનું ધ્યાન ખેંચતાં કહ્યું હતું કે, "દાનનો અપૂર્વ અવસર આવ્યો છે તે તક જૈન દાનવીરો ઝડપી લે. જ્ઞાન પ્રાપ્તિની આજે ભૂખ ઉઘડી છે ત્યારે 'જૈન ચેર'નો વિચાર સાકાર કરવાની તક આપણે ઝડપી લેવી જોઈએ." આ અપીલના જવાબમાં દાનવીર અને શાહ સોદાગર શ્રી. વાડીલાલ ચત્રભુજ ગાંધીએ જાહેર કર્યું કે "જો જૈન ચેર થાય તો કરોડો રૂપિયાના ભંડાર કરતાં પણ મોટો આત્માનંદ સભાનો જ્ઞાનભંડાર તેમના ઉપયોગ માટે ખુલ્લો છે. ભાવનગરને જૈન ચેર જરૂર મળી શકે, તે કાંઈ અઘરૂં નથી. ભાઈશ્રી હરસુખભાઈ! જો ભાવનગરને આંગણે યુનિવર્સિટી થાય અને જૈન ચેર શરૂ કરવામાં આવે તો ભાવનગરનો પૂર્ણ સહકાર અને સાથ હશે, એમાં મને શંકા નથી. ભાવનગર સમાજ સેવકોનું ગામ છે, તો ઓછી રકમે ચેરની સ્થાપના થાય તેવી યોજના વિચારજો અને જ્યારે યુનિવર્સિટી અને જૈન ચેર ભાવનગરમાં થાય ત્યારે એક લાખ રૂપિયા આપવાનું હું વચન આપું છું અને બીજા એક લાખ તે દિવસે આપવાનું હું જાહેર કરું છું." શ્રી. વાડીલાલ ગાંધીની આ વાત લોકોએ સહર્ષ વધાવી લીધી હતી. શ્રી શાહ સાહેબની લાંબા સમયની નિષ્ઠાભરી સેવાઓ પ્રત્યે અનેક વક્તાઓ તરફથી કૃતજ્ઞતાની લાગણી બતાવાયા બાદ સમારંભના પ્રમુખે તેમને સન્માન પત્ર એનાયત કર્યું હતું. શ્રી શાહ સાહેબે ગળગળા અવાજે અત્યંત નમ્રતાપૂર્વક તેમનું વક્તૃત્વ પૂરું કર્યા બાદ પ્રસંગને અનુરૂપ શ્રી. શાહ સાહેબના તૈલચિત્રની અનાવરણ વિધિ અતિથિ વિશેષ શ્રી. હરસુખભાઈ સંઘવીએ કરી હતી. સમારંભના અંતે એક પ્રીતિ ભોજન ગોઠવવામાં આવ્યું હતું અને એ રીતે આ આખો સમારંભ આનંદ અને ઉત્સાહના વાતાવરણમાં પૂરો થયો હતો. જૈન આત્માનંદ સભાના ૮૦ વર્ષના ઇતિહાસમાં શ્રી. ખીમચંદભાઈ શાહ આમ નિવૃત્ત થતાં સૌથી પ્રથમ પ્રમુખ છે. ભૂતકાલિન પ્રમુખો પોતાની સેવા આપતાં આપતાં જ સ્વર્ગવાસી થયા હતા, એટલે આવો અભૂત પૂર્વ સન્માન સમારંભ આ સભાના ઇતિહાસમાં સૌથી પ્રથમ છે.

શ્રી. શાહ સાહેબની જગ્યાએ સભાના ઉપપ્રમુખ અજાતશત્રુ અને સૌજન્ય મૂર્તિ શ્રી. ગુલાબચંદ લલ્લુભાઈએ સભાનું પ્રમુખ પદ સંભાળ્યું છે અને આ વ્યવસ્થા દરેક રીતે સુસંગત છે. નિષ્ઠાપૂર્વક સેવા આપનારાઓમાં ભાવનગરમાં તેમનું નામ અગ્રસ્થાને છે. વરસોથી તેઓ આ સભાના ઉપપ્રમુખ છે અને એ રીતે સભાની કાર્યવાહી સાથે તેઓ સંકળાયેલા છે છેલ્લા બે વર્ષથી પ્રમુખના કાર્યની તમામ જવાબદારી પણ તેઓ જ અદા કરે છે. આ ફેરફાર સાથે સભાના એક મંત્રી શ્રી. હીરાલાલ ભાણજી સભાના ઉપપ્રમુખ પદે આવ્યા છે અને મંત્રી તરીકે તેમની જગ્યાએ જાણીતા સંનિષ્ઠ અને સેવાભાવી કાર્યકર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી. હીરાલાલ જુઠાભાઈ મંત્રી તરીકે નિયુક્ત થયા છે. અનેક વરસો સુધી મુંબઈના જૈન સમાજની સેવા કર્યા પછી હવે તેઓ પોતાના વતન ભાવનગરમાં સ્થિર થયા હોઇ સભાને તેમની અમૂલ્ય સેવાનો લાભ મળ્યા કરશે, એ અત્યંત આનંદ અને ગૌરવની વાત છે. શ્રી. હીરાલાલભાઇ અત્યંત ઉત્સાહી અને કાબેલ કાર્યકર છે અને સભાના ઉત્કર્ષમાં તેમની સેવા અત્યંત મદદરૂપ થશે તે નિઃશંક વાત છે. શ્રી. જાદવજી ઝવેરભાઇ શાહ ઘણા વરસોથી સભાને મંત્રી તરીકે પોતાની સેવા આપે છે તેજ રીતે આપ્યા કરશે.

ભગવાન મહાવીર સ્વામીના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણક મહોત્સવ પ્રસંગે પૂ. આચાર્ય વિજય પ્રતાપસૂરીશ્વરજી, પૂ. આચાર્ય વિજય ધર્મસૂરીશ્વરજી તેમજ પૂ. મુનિપ્રવર શ્રી યશોવિજયજી મહારાજના ઉપદેશથી મુંબઈમાં મલબાર હીલ નાગરિક સંઘ તરફથી પ્રયાસો કરવામાં આવતા ભગવાન મહાવીર દેવના ૬૫ ફૂટ ઉંચા અને આકર્ષક કીર્તિસ્થંભ માટેનું ભૂમિ પૂજન મુંબઇના માનનીય મેયર શ્રીમાન્ નાનાલાલભાઇ મહેતા અને તેમના ધર્મપત્ની અ. સૌ. ચંપક બહેનના શુભ હસ્તે તા. ૨૭–૧૦–૭૫ સોમવારના દિવસે કરવામાં આવ્યું હતું. આ કીર્તિસ્થંભ ભગવાન મહાવીર દેવની પરમ યાદ આપશે અને તેના દર્શનથી ભગવાને પ્રબોધેલા માનવમાત્રને સુખ, શાંતિ અને કલ્યાણને આપનારા અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્તવાદના મહાન સિદ્ધાંતોની લોકોને ભવ્ય પ્રેરણા મળ્યા કરશે.

એજ રીતે ભગવાન મહાવીર દેવના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે વાલકેશ્વર બાબુ અમીચંદ પનાલાલ શ્રી આદીશ્વરજી જૈન દેરાસરના પટાંગણમાં ભગવાન મહાવીર દેવની નિર્વાણ ભૂમિ શ્રી પાવાપુરી જલમંદિરની આબેહૂબ ભવ્ય અને વિશાળ રચના કરવામાં આવી હતી. આ જલમંદિરની રચનાનું દર્શન કરવા મુંબઇનો સમગ્ર જૈન સમાજ ઊમટી પડ્યો હતો, કારણકે આવી રચના મુંબઇને આંગણે સૌથી પ્રથમ હતી.

તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામીના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણક મહોત્સવ પ્રસંગે નિર્વાણ મહોત્સવની ઉજવણી માટેની મહારાષ્ટ્ર રાજ્ય સમિતિએ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન માનનીય શ્રી શંકરરાવ ચૌહાણના પ્રમુખપદે એક ભવ્ય સભા મુંબઇમાં ચર્ચગેટ સ્ટેશન નજીકના આવેલ મેદાન પર તા. ૯–૧૧–૧૯૭૫ ના રોજ યોજવામાં આવી હતી. આ સભામાં મોટી માનવ મેદની હતી અને તેમાં રાજ્યપાલ નામદાર શ્રી આલેયાવરજંગ અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા. રાજ્યપાલશ્રી, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન તેમજ અન્ય વિદ્વાન વક્તાઓએ આ સભામાં સમયોચિત પ્રવચનો કર્યા હતા. પૂજ્ય આચાર્ય ભગવંતો, પૂજ્ય સાધુ મુનિવરો, પૂજ્ય સાધ્વીજીઓ અને પૂજ્ય મહાસતીઓની નિશ્રામાં આ પ્રસંગે મુંબઇમાં એક ભવ્ય વરઘોડો યોજવામાં આવ્યો હતો.

જૈન સમાજના જાણીતા સિદ્ધહસ્ત લેખક અને સાહિત્યકાર શ્રી. રતિલાલ દીપચંદ દેશાઈ (અમદાવાદ)ને તેમના ગ્રંથ 'ગુરુ ગૌતમસ્વામી'ની વિદ્વતા પૂર્ણ કૃતિ માટે મુંબઇની શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ સંસ્થાએ સંસ્થાના બંધારણ અનુસાર સુવર્ણચંદ્રક આપવાનો નિર્ણય કર્યો છે. આ સન્માન સમારંભનો મેળાવડો પરમ પૂજ્ય મુનિશ્રી પદ્મસાગરજી ગણિવર્યની નિશ્રામાં મહાવીર જૈન વિદ્યાલયના હોલમાં તા. ૩૦–૧૧–૭૫ રવિવારના દિવસે યોજવામાં આવેલ છે. પ્રાતઃસ્મરણીય શ્રી ગૌતમસ્વામીના જીવન અંગેનો ગુજરાતી ભાષામાં આ પ્રથમ ગ્રંથ છે અને જૈન સમાજને આવો પૂર્ણ ગ્રંથ આપવા માટે શ્રી રતિલાલ દેશાઈ સમગ્ર જૈન સમાજને માટે આદરપાત્ર બન્યા છે.

અત્યંત જહેમત ઉઠાવી પ. પૂ. વિદ્વાન મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજે જે મહાન ગ્રંથનું સંપાદન કાર્ય કર્યું છે તે 'દ્વાદશાર નયચક્ર'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચાતુરીના પ્રશ્નો ચાર

લેખકઃ—મનસુખલાલ તારાચંદ મહેતા

અનેક વરસો પહેલાંની વાત છે.

એ યુગમાં ગણિકાઓ અને કલા પ્રવીણ ચતુર સ્ત્રીઓ પણ રાજ્યાશ્રય નીચે પોષણ પામતી. રાજ્યમાં તેની કળાને પ્રોત્સાહન મળતું અને આવી સ્ત્રીઓ પોતાના દેશનું પ્રતિનિધીત્વ ધરાવી દેશ વિદેશમાં જતી અને ત્યાં રાજસભામાં પંડિતો સાથે વાદવિવાદ કરી તેને હાર આપી પોતે ગૌરવ અનુભતી તેમજ રાજ્યનું ગૌરવ પણ વધારતી. એ યુગમાં આ રીતે સંસ્કાર અને કલાનો વિનિમય ચાલતો અને પ્રથમ કક્ષાના રાજ્યો પણ તેમાં રસ લેતા.

અવંતિનગરીમાં એ વખતે રાજા ત્રિવિક્રમ રાજ કરતો હતો. તેની રાણી સુનંદા સાક્ષાત્ સરસ્વતી જેવી હતી. રૂપ, ગુણ અને જ્ઞાન ત્રણેયનો તેનામાં આવિર્ભાવ થયો હતો. એક વખત રાજગૃહીની રાજનર્તકી સુજાતા ત્રિવિક્રમની સભામાં જઈ પહોંચી. સુજાતાની ખ્યાતિ ચારે બાજુ ફેલાયેલી હતી. તે ભારે વિચક્ષણ હતી અને અત્યત તીવ્ર બુદ્ધિ ધરાવતી. તેથી અવંતિની રાજસભામાં તેને યોગ્ય આવકાર મળ્યો. રાજસભામાં નૃત્ય કલા કરી તેણે લોકોના મન જીતી લીધાં ત્રિવિક્રમ રાજાએ પ્રસન્ન થઇ કહ્યું: "સુજાતા! તારા નૃત્યોથી તેં અમારા મન જીતી લીધાં છે, હવે તારી ઇચ્છા પૂર્વક કોઈ પણ વર માગી લે!"

એકાદ પળ ચૂપ રહી સુજાતાએ ક્ષોભપૂર્વક કહ્યું: "રાજન! હું તો રાજગૃહીની રાજનર્તકી છું. આપની રાજસભામાં આવવાનું પ્રયોજન તો એ છે કે, રાજગૃહીના રાજવીએ મને આપને ત્યાંથી ચાર પ્રશ્નોનો ઉત્તર પ્રાપ્ત કરવા મોકલી છે. પણ તે માટે શરત છે કે, આપની સભામાંથી મારા પૂછેલા પ્રશ્નોમાંથી કોઈ એકનો પણ પ્રત્યુત્તર ખોટો હોય, તો આપે રાજગૃહીનું સ્વામિત્વ સ્વીકારવું, અને જો ચારેય પ્રશ્નોનાં સાચા ઉત્તર મળશે, તો રાજગૃહીના મારા પરના અધિકારનો અંત આવશે અને હું સદા માટે અવંતિનગરીની સેવિકા બનીને રહીશ. રાજન! અવિનય માટે ક્ષમા માગું છું, પણ આપે વર માગવાની આજ્ઞા કરી, એટલે જ આ ઇચ્છા જાહેર કરું છું. નહિં તો આપની સમક્ષ આવી વિચિત્ર માગણી કરવી એ ધૃષ્ટતા કરી કહેવાય એ હું જાણું છું."

રાજા ત્રિવિક્રમે હસીને કહ્યું, "સુજાતા! તારા પ્રશ્નો ગમે તેવા પ્રકારના હશે તો પણ આ રાજસભામાંથી તને તેના સાચા જ જવાબો મળશે. વળી આ પ્રશ્નો અંગે તેં જે શરત મૂકી છે, તે

(અનુસંધાન પાના નં. ૬ નું ચાલુ)

નો બીજો ભાગ તૈયાર થઇ ગયો છે અને તેનું બાઇન્ડીંગ કામ પૂર્ણ થયે સભા તરફથી તે ગ્રંથની પ્રકાશન વિધિ કરવામાં આવશે. ત્રીજો અને છેલ્લો ભાગ પણ મુંબઇમાં છપાઇ રહ્યો છે. આ કાર્યમાં, પાકટ ઉંમરે પણ ધાર્મિક સાહિત્યમાં રસ લેતા અને આ સભાના પરમ હિતેચ્છુ તેમજ પેટ્રન શ્રી અમૃતલાલ કાલિદાસ દોશીનું અમને માર્ગદર્શન અને દોરવણી મળ્યાં છે જે માટે આ તકે અમે તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

અંતમાં અમે પ્રાર્થના કરીએ છીએ કે :–

शिवमस्तु सर्वजगतः परहित
निरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र
सुखी भवन्तु लोकाः



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આકરી હોવા છતાં હું તેનો સહર્ષ સ્વીકાર કરું છું.”

રાજાની વાણી સાંભળી સુજાતાનું હૃદય પુલકિત બન્યું અને તે બોલી: “રાજન! મારો પ્રથમ પ્રશ્ન તો એ છે કે ‘આ સંસારમાં સર્વ શ્રેષ્ઠ ખાદ્ય પદાર્થ કયો ?’

આવો વિચિત્ર પ્રશ્ન સાંભળી ચારે બાજુ ચૂપકીદી છવાઈ ગઈ. સભામાં હાજર રહેલા સૌની મુખમુદ્રા ગંભીર બની ગયેલી જોઇ સુજાતાને આનંદ થયો અને તેની ગર્વભરી આંખો ચારે બાજુ ફરી વળી. ત્યાં તો પ્રધાનજીએ ગૌરવ ભર્યા સ્વરે કહ્યું, “સુજાતા! સંસારમાં સર્વ શ્રેષ્ઠ ખાદ્ય પદાર્થ જો કોઇ હોય તો તે સાચી ભૂખ છે.”

જવાબ સાંભળી લોકો આશ્ચર્ય ચકિત થઇ ગયા, પણ ત્યાં તો સુજાતાએ કહ્યું: “પ્રધાનજી! દરેક પ્રશ્નોના ઉત્તરની સાથો સાથ તેનું યોગ્ય પ્રમાણ પણ હોવું જરૂરી છે.”

પ્રધાનજીએ કહ્યું: “ભોજન કરતી વખતે ઘણા પતિદેવો રસોઈના સ્વાદ અંગે પોતાની પત્ની સાથે ઝઘડતા હોય છે, કારણકે ભૂખ ન હોવાના કારણે રસોઈ ઉત્તમ હોવા છતાં તેઓ સ્વાદ અનુભવી શકતાં નથી. જ્યારે હું ખૂબ ભૂખ્યો થયો હોઉં ત્યારેજ મારા પત્ની મને ભાણા પર બેસાડે છે અને રસોઇ ગમે તેવી બે સ્વાદ હોય તો પણ અત્યંત મધુર અને સ્વાદિષ્ટ લાગે છે. સ્વાદનો સંબંધ ભૂખ સાથે છે, ખાદ્ય પદાર્થ સાથે નથી. ભૂખ હોય તો ખાવાની રુચિ થાય છે, રુચિથી રસ ઉત્પન્ન થાય છે અને રસ પ્રાપ્તિ એજ ભોજનની સર્વ શ્રેષ્ઠ સિદ્ધિ છે.”

પ્રથમ પ્રશ્નનો સાચો ઉત્તર મળ્યો એટલે સુજાતાએ બીજો પ્રશ્ન પૂછતાં કહ્યું: “પ્રધાનજી! ‘રોગની સર્વ શ્રેષ્ઠ ઔષધિ કઇ?’

આવો વિચિત્ર પ્રશ્ન સાંભળી સભાજનો મૂંઝવણમાં પડી ગયા. પ્રશ્ન દેખાવમાં જેટલો ટૂંકો હતો તેટલુંજ તેનું રહસ્ય ઊંડું હતું.

કોઈપણ પંડિત પ્રશ્નનો ઉત્તર આપવા ઊભો ન થયો. એટલે ફરી પ્રધાનજીએ ઊભા થઈ કહ્યું: “સુજાતા! જવાબ વિચિત્ર તો લાગશે, પણ તાત્ત્વિક દૃષ્ટિએ રોગ માત્રની સર્વ શ્રેષ્ઠ ઔષધિ રોગ પોતેજ છે.”

સુજાતાએ માર્મિક રીતે હસીને કહ્યું: “જવાબ જેટલો વિચિત્ર છે તેટલોજ સમજવામાં કઠિન છે. રોગજ રોગનું શ્રેષ્ઠ ઔષધ કઇ રીતે બની શકે? કૃપા કરી આ વાત જરા સ્પષ્ટ રીતે ન સમજાવો?”

પ્રધાનજીએ કહ્યું: “માનવ દેહમાં જે વિકૃતિ રહેલી છે, એ બહાર કાઢવાનું કાર્ય રોગ કરે છે. તમને વધુ સ્પષ્ટ રીતે સમજાવું. તાવને આપણે રોગ કહીએ છીએ, પરંતુ શરીરમાં જીવાણુઓ કે વિષાણુઓ દાખલ થાય કે બીજું કાંઈ ઝેર ઉત્પન્ન થાય, ત્યારે શરીર પ્રતિવિષ ઉત્પન્ન કરીને તે ઝટ નાશ કરવા મથે છે. આમ વિષ અને પ્રતિવિષ વચ્ચેના યુદ્ધમાં શરીરમાં ગરમી વધી જાય, તેને આપણે તાવ–દર્દ માનીએ છીએ. વાસ્તવિક રીતે તો તાવની ક્રિયા દ્વારા શરીરની વિકૃતિજ દૂર થતી હોય છે. માનવજાતને ચિકિત્સકો અને દવાઓનું ભૂત વળગ્યું છે, તેથીજ તે રીબાઇને પરેશાન થાય છે. નગ્ન સત્ય કહું તો, રોગ માત્રની જનેતા આ ચિકિત્સકો અને દવાઓજ છે. જનાવરો દવાના ઝેરથી મુક્ત છે, તો તેને માનવની જેમ રીબાવું પડતું નથી. દર્દ એ તો આશીર્વાદરૂપ છે, કારણકે તે અંદરનું ઝેર દૂર કરવા અર્થેજ ઉત્પન્ન થતું હોય છે.”

નર્તકીનુ મસ્તક નમી પડયું અને કહ્યું, “પ્રધાનજી! આપની દલીલમાં તથ્ય છે. હવે મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, ‘જગતની સર્વ શ્રેષ્ઠ સંપત્તિ કઇ?’

પ્રશ્ન સાંભળી એક પંડિતે ઊભા થઈ જવાબ આપતાં કહ્યું, “સંસારની સર્વ શ્રેષ્ઠ સંપત્તિ વિદ્યા છે.” સુજાતાએ નકારાત્મક ભાવે પોતાનું શીર ધુણાવી કહ્યું, “વિદ્યાને પચાવતા ન આવડે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો તેમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે." પછી પુરોહિતે ઊભા થઇ કહ્યું: "ધર્મ એજ સંસારની સર્વ શ્રેષ્ઠ સંપત્તિ છે." સુજાતાએ ડોકું ધુણાવી કહ્યું, "અગોચરને એવી પ્રતિષ્ઠા શા માટે? **વત્થુ સહાવો ધમ્મો** અર્થાત્ વસ્તુનો પોતાને સ્વભાવ એજ ધર્મ."

વાતાવરણમાં શાંતિ છવાઇ રહી ત્યાં તો પ્રધાનજીએ ઊભા થઈ કહ્યું: "સુજાતા! ચિત્તની પ્રસન્નતા એ જ સંસારની સર્વશ્રેષ્ઠ સંપત્તિ છે. માનવજીવનનું સાધ્ય ચિત્તની પ્રસન્નતા છે, કારણ કે ચિત્તની પ્રસન્નતા એ જ મુક્તિનું કારણ બને છે. કોઇ પણ સંજોગો કે પરિસ્થિતિ વચ્ચે પણ જે પોતાનું ચિત્ત પ્રસન્ન રાખી શકે છે, એણે સંસાર જીતી લીધો છે. માનવ ચિત્ત નિર્વિકારી અર્થાત્ વિકાર મુક્ત અને નિર્વિકલ્પ અર્થાત્ નિશ્ચિત-વિકલ્પ વિનાનું બને, ત્યારે જ ચિત્તની પ્રસન્નતા અનુભવાય છે અને તેથી જ ચિત્તની પ્રસન્નતા એ માનવની જગતમાં સર્વશ્રેષ્ઠ સંપત્તિ છે."

પ્રધાનજીનો પ્રત્યુત્તર સાચો હતો જે સાંભળી સુજાતા જરા ક્ષુબ્ધ બની ગઇ. અનેક રાજસભાઓમાં તેના પ્રશ્નોનાં સાચા ઉત્તરો પ્રાપ્ત ન થતાં તે રાજવીઓએ રાજગૃહીનું સ્વામિત્વ સ્વીકારવું પડ્યું હતું. અહિં પરિસ્થિતિ જરા જુદી દેખાતી હતી. સુજાતાનો ચોથો પ્રશ્ન અટપટો અને કઠિન હતો એટલે તેને આશા હતી કે તેને વિજય મળશે. માર્મિક હાસ્ય કરી ચોથો પ્રશ્ન પૂછતાં તેણે કહ્યું: "મારો છેલ્લો પ્રશ્ન એ છે કે,

**સંસારની સર્વ શ્રેષ્ઠ નારી કોણ?"**

પ્રશ્ન સાંભળતાં જ પંડિતજનો વિચારમાં પડી ગયા, કારણ કે નારીનું મન સમજવું એ તો દેવો માટે પણ મુશ્કેલ છે, તો માનવનું શું ગજું? પુરોહિતે તેમ છતાં ઊભા થઇ જવાબ આપતાં કહ્યું: "નારી તેના રૂપથી શોભે છે, એટલે જે નારીનું ઉત્તમોત્તમ રૂપ તે નારી સર્વ શ્રેષ્ઠ." આવો જવાબ સાંભળી સુજાતા હસી અને બોલી. "રૂપથી જ જો નારી સર્વ શ્રેષ્ઠ બની શકતી હોય તો પછી જનાવરોમાં ગધેડાને જ સર્વ શ્રેષ્ઠ માનવો પડશે. રૂપ્પતિનો અર્થ જ વિકૃત છે. 'રૂપ'–એ જ માટે કહેવાય છે કે તે વિકૃત થાય છે. શીત, ઉષ્ણ, ભૂખ, તરસ, ડાંસ અને મચ્છરનો ઉપદ્રવ અગર સાપ, કીડાનો સ્પર્શ, આ પૈકી કોઈ પણ, રૂપને વિકૃત કરી દે છે, અને એમ વિકૃત થઈ જવાના સ્વભાવને કારણે તો તેને 'રૂપ' કહેવાય છે, એમ આપણું વ્યાકરણ શાસ્ત્ર કહે છે." પુરોહિતજી તો સુજાતાની દલીલ સાંભળી વીલું મોં કરી પોતાના સ્થાને બેસી ગયા.

પ્રધાનજીએ ચારે બાજુ પોતાની નજર ફેરવી. સભામાં એક પ્રકારની શૂન્ય મનસ્કતા છવાયેલી જોઈ તેમણે ઊભા થઈ કહ્યું: "સુજાતા! સર્વ ગુણ સંપન્ન નારી એ જગતની સર્વશ્રેષ્ઠ નારી છે. સર્વગુણોમાં રૂપ–ગુણ–જ્ઞાન–પવિત્રતા–વિશુદ્ધતા–સહિષ્ણુતા–લજ્જા–શરમ અને તમામ સદ્ગુણોનો સમાવેશ થઇ જાય છે."

મોહક હાસ્ય કરી, અત્યંત મધુર ભાવે સુજાતા બોલી: "પ્રધાનજી! અમારા શાસ્ત્રો કહે છે કે જે પૂર્ણ છે, દોષ રહિત છે અને માત્ર ગુણોનો જ ભંડાર છે, તેઓને તો આ પૃથ્વી પર જન્મ લેવો પડતો નથી. તેથી જ તો કહેવાય છે કે મર્યા પહેલાં કોઈ પુરુષ કે સ્ત્રીને ઋષિ, સંત કે સર્વ ગુણ સંપન્ન કહી શકાય નહિં. સ્ત્રી કે પુરુષ જીવન ભર સારા કામો કરે અને છેવટ જતાં બહેકી જાય તો પછી એનું સર્વગુણ સંપન્નપણું ક્યાં રહ્યું? જ્ઞાની અને ચતુર દેખાતા સ્ત્રી પુરુષો પણ ઝટ દઇને પતનના માર્ગે ચડી જતાં આપણે જોઇએ છીએ. અન્યની વાત તો બાજુ એ રહી, પણ પંચ પરમેષ્ઠિઓને કરવામાં આવતા નમસ્કારમાં જેમનું સ્થાન છે, એવા સાધુ કે સાધ્વી પણ શિખર પરથી ગબડી ઊંડી ખાઈમાં પડતાં ક્યાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોવામાં નથી આવતા? માનવ રૂપે જન્મ લેવો પડ્યો, એ હકીકત જ સાબીત કરે કે તે સર્વ ગુણ સંપન્ન નથી, કારણ કે સર્વ ગુણ સંપન્ન અર્થાત્ જે જીવનો સંપૂર્ણ વિકાસ થયો છે, તેને ફરી જન્મ લેવો પડતો નથી."

સુજાતાની દલીલ સાંભળી પ્રધાનજીના કપાળ પર પ્રસ્વેના સૂક્ષ્મ બિન્દુઓ ઉપસી આવ્યા. રાજા ત્રિવિક્રમે સભાના પંડિતજનો પર એક અછડતી દૃષ્ટિ નાખી પણ કયાંય સળવળાટ ન દેખાયો. સભાજનો અને પંડિતોને થયું કે કાંઠે આવેલું નાવ શું ડૂબી જશે? જો આ પ્રશ્નનો સાચો ઉત્તર ન આપી શકાય તો પરિણામે અવંતિએ રાજગૃહીનું સ્વામિત્વ સ્વીકારવું પડે.

રાજા ત્રિવિક્રમની રાણી સુનંદા પટરાણી હોવા છતાં તદ્દન સાદો પહેરવેશ ધારણ કરી રાજ-સભામાં આવતી. તેનામાં આછકલાઇનું નામ નહિં પણ મોં પર જ્ઞાનનું તેજ ઝળહળે. આભૂષણમાં ડોકમાં માત્ર રુદ્રકક્ષાની કંઠી અને ભાલ પ્રદેશમાં કુંકંમનો મોટો ચાંલ્લો. રાજસભામાં તમામને ચૂપ બેઠેલાં જોઇ રાણી માતાએ પોતાના સ્થાન પરથી ઊભા થઇ કહ્યું: "સુજાતાબેન! સંસારની સર્વ શ્રેષ્ઠ નારીની ઓળખ–એ પુરુષનો વિષય નથી પણ સ્રીનો છે. સંસારની સર્વ શ્રેષ્ઠ નારીને એક નારી જે રીતે ઓળખી શકે, તે રીતે પુરુષ ન ઓળખી શકે. સ્રી એક નારીની આરપાર જોઇ શકતી હોય છે. પુરુષ માટે તો તે સ્રીથી આકર્ષાય, તે તેના માટે શ્રેષ્ઠ નારી. સર્વશ્રેષ્ઠ નારીની વ્યાખ્યા તો એ છે કે, જે સ્રીના દર્શનથી અધમમાં અધમ પુરુષની વિકૃતિ–ભોગજન્ય વાસના નાશ પામે અને સાથો સાથ જેના પ્રત્યે જનેતાના ભાવ જાગે, જેને ચરણે મસ્તક મૂકી દેવાનું મન થાય-તે સ્રી આ સંસારની સર્વશ્રેષ્ઠ નારી કહેવાય."

સુનંદાની વાત સાંભળી સમગ્ર સભામાં સન-સનાટી વ્યાપી ગઇ. સુજાતા પોતે પણ આશ્ચર્ય ચકિત બની ગઇ. અવંતિની જીતનો દોર તેના હાથમાંથી સરી પડ્યો. લોકો આનંદમુગ્ધ બની જઇ તાલીઓ પાડવા લાગ્યા. ત્યાં તો સુજાતા મક્કમ સ્વરે બોલી: "મહારાણીજી! આપની વાતની સાબિતી શું? દરેક વાત પ્રમાણ સાથે સાબિત થવી જરૂરી છે."

સુનંદાએ નિસ્પૃહભાવે જવાબ આપતાં કહ્યું: "સુજાતાબેન! સૂર્ય પ્રકાશ આપે છે, એ વાતને સાબિતીની જરૂર ખરી? આ પણ એવી જ બાબત છે. છતાં સાબિતીની જરૂર હોય તો રાવણનો દાખલો લ્યો. વાસનાની તૃપ્તિ અર્થે તે સીતાને ઉપાડી લંકામાં લઇ આવ્યો, પણ પછી જે મહેલમાં સીતામાતાને રાખ્યા હતા, ત્યાં જ્યારે જ્યારે રાવણ પોતાની અધમ મનોકામનાની સિદ્ધિ અર્થે જતો, ત્યારે સીતામાં તેને તેની માતાના જ દર્શન થતાં હતાં. સીતાને બદલે માતા દેખાય, તેથી જ વીલાં મોંએ તે ત્યાંથી પાછો ફરી જતો. રાવણ જેવા વાસનાબદ્ધ અને મહાકામી પુરુષને પણ સીતામાં માતાના દર્શન થતાં, એજ મારા કથનની સાબીતી છે."

રાજનર્તકી ભાવવિભોર બની સ્મિત પૂર્વક બોલી: મહારાજ! મારા પરાજયનો હું સ્વીકાર કરું છું. હવે આપ મને આજ્ઞા આપો તો રાજ-ગૃહી છોડી હું કાયમ માટે અવંતિકાની સેવિકા બની રહું"

વિરાટ હાસ્ય કરી ત્રિવિક્રમે ગૌરવ પૂર્વક કહ્યું: "નર્તકી! તું ખૂશીથી રાજગૃહી પાછી ફરી શકે છે. આપણી શરતમાંથી હું તને મુક્ત કરું છું, કારણ કે તારા અત્રે આવવાથી અમારી કસોટી થઇ બાકી જય–પરાજય એ તો ગૌણ વસ્તુ છે. આનંદ પ્રાપ્ત થયો–ચિત્તની પ્રસન્નતા થઇ એ જ મોટો લાભ. આવા જ્ઞાનનો તમે સર્વત્ર પ્રચાર કરો એ જ અમારી અભિલાષા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાપરીઆ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઇફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ

વિગેરે..........

**શીપ બીલ્ડર્સ અને એન્જીનીયર્સ**

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફયુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે..........

# શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.
# પ્રાઇવેટ લીમીટેડ.

ચેરમેન : **શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ**

મેનેજીંગ ડીરેકટર : **શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ**

**રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ**
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ–૧૫ (ડી. ડી.)

ફોન : ૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨, ૪૩૩૧૩૩
ગ્રામ : 'શાપરીઆ' શીવરી–મુંબઇ.

**એન્જીઅરીંગ વર્કસ અને ઓફિસ**
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઇ–૧૨ (ડી. ડી.)

ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ–મુંબઇ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# કૌટુંબિક સલામતી...

આપનાં બાળકોના ભાવિની
સુરક્ષા કરો

સમજુ માબાપ જાણે છે કે
દેના બેંકમાં પોતાનાં બાળકોને
નામે સગીર બચતખાતું ખોલવું
એ તેમના ભાવિની સુરક્ષા
કરવાનો તેમજ તેમની વધતી જતી
જરૂરતો પૂરી પાડવાનો
એક ઉત્તમ માર્ગ છે.
આપના બાળકને નામે આજે જ
ખાતું ખોલાવો. વ્યાજ ૫ ટકા.



**દેના બેંક**
(ગવર્નમેંટ ઑફ ઈન્ડિયા અન્ડરટેકિંગ)
હેડ ઑફિસ: હૉર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૨૩.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'સ્વ. પ્રભાવતીદેવીની ડાયરીમાંથી'

[ જયપ્રકાશજીનાં પત્ની સ્વ. પ્રભાવતીદેવી ઈ. સ. ૧૯૨૨ થી માંડીને ૧૯૪૭ પર્યંત વરસો સુધી ગાંધીજી પાસે રહેલાં અને "બાપુની બેટી" બની ગયેલાં. બાપુએ એમને રોજનીશી રાખતાં શીખવી દીધું હતુ. તે મુજબ ૧૯૨૯ થી લઇને ૧૯૭૩ સુધી ૪૪ વરસની એમની ડાયરીઓ જોવા મળે છે. એ ડાયરીઓમાંથી જે. પી. અંગેનું કેટલુંક નીચે આપીએ છીએ. —સં● ]

**૧૨–૪–૪૬ : દિલ્હી**

(જે. પી. આજે જેલમાંથી છૂટયા હતા. દીદી બાપુ પાસે હતાં. બાપુને સંબોધીને— )

મને લાગે છે કે હમણાં થોડા દિવસ હું એમની સાથે રહું. થોડા દિવસ પહેલાં તમે મને કહેલું કે તારે જયપ્રકાશ સાથે રહીને એના વિચાર સમજવા જોઈએ અને એને મારા સમજાવવા જોઈએ. મારી ઇચ્છા એવીયે છે કે હમણાં એમની સાથે રહું તો હું એમને જલદી તમારી પાસે મહાબળેશ્વર લાવી શકીશ. નહીં તો તમે તો જાણો છો કે એમના સાથીઓ એવા છે કે ફાલતુ કામોમાં એમને બાંધી લેશે !

**૧૪–૮–૫૫ : ગયા**

( પટણામાં ગોળીબાર થયેલો તે બાબત )

ગયા શહેરમાં વિદ્યાર્થી નારા લગાવતા આવ્યા. જે. પી. પટણા જાય એવી માગણી કરી. સભામાં આવવા પણ કહ્યું. કહે આ રીતે ગોળીબાર થતા રહે તે અમે કયાં સુધી બરદાસ્ત કરીએ ? જે. પી.એ એમને શાંતિથી કામ લેવા સમજાવ્યા. પટણા જઈને બરાબર બધી તપાસ કર્યા પછી જ કાંઈ કહી શકું. વિદ્યાર્થીઓ શાંતિથી ગયા.

જે. પી. અંદર આવ્યા અને પલંગ પર બેસી હાથમાં માથું પકડી ખૂબ રોયા. કદાચ પોતાની વિવશતા ઉપર રડતા હશે. છોકરાઓ એમની પાસેથી આટલી બધી આશા રાખે છે, અને પોતે કાંઈ કરી શકતા નથી !

**૧૫–૮–૫૫ : પટણા**

જે. પી.ને લોકો મળવા આવ્યા. ઘટનાની બધી વિગત કહી. પછી જે. પી. શહેરમાં ગયા. ઘણાને મળ્યા. ગોળીકાંડના ઘટના–સ્થળે ગયા. હોસ્પિટલમાં ગયા ઘાયલોના ખબર–અંતર પૂછી. સાંજે જાહેર સભામાં બધા પક્ષના લોકો હાજર હતા. સભા વિદ્યાર્થીઓ તરફથી હતી. ભાષણ શરૂ કરતાં જ ગોળીબારની વાત આવતાં જે. પી.ની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. બે–ત્રણ મિનિટ ચૂપ થઈ ગયા.

**૨૦–૯–૫૮ : દિલ્હી**

( વિદેશયાત્રાથી પાછા ફરતાં )

કરાંચીથી વિદાય વખતે લોકોએ વારંવાર કહ્યું કે ફરી જરૂર આવજો. ખરેખર, બધી જગ્યાએ લોકોમાં કેટલો પ્રેમ છે, લોકો કેટલા ભલા અને સારા છે ! કરાંચીમાં અમને બહુ પ્રેમ મળ્યો. ત્યાં ગયા પહેલાં ખબર નહોતી કે એ લોકો જે. પી.ને મળવા અને સાંભળવા આટલા બધા ઉત્સુક હશે !

**૧૦–૮–૫૯ : સોખોદેવરા**

જે. પી.ને ઝાડપાન પર બહુ પ્રેમ છે. બપોરે જ્યારે માળી છોડ રોપતો હતો, ત્યારે લખવાનું છોડીને તે જોવા ચાલ્યા ગયા. કહેવા લાગ્યા : 'મને આ કામ બહુ ગમે છે. કદાચ આગલા જનમમાં હું ઝાડ હોઈશ !'

**૨૫–૧–૬૪ : દિલ્હી**

(પંડિતજી એકદમ બિમાર પડી ગયેલા ત્યારે)

જે. પી નંદાજી, લાલબહાદુરજી, અને કામરાજજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જવાહરલાલજીને મળ્યા. કહેતા હતા : જ્યારે પંડિતજીને જોવા ગયો, એમને ચૂપ બેઠેલાં જોઇને એક મિનિટ સુધી કાંઈ બોલી ન શક્યો. દિલ ભરાઈ આવ્યું.'

**૫-?-૬૪ : દિલ્હી**

હું પંડિતજી, ઈંદિરાજીને મળી. પંડિતજીને જોઇને મને બહુ દુ:ખ થયું. જો કે તબિયત સારી હતી એ હસતા'તા. તેમ છતાં પહેલાંની રોનક ચહેરા પર નહોતી.

**૨૯-૫-૬૪ : દિલ્હી**

જે. પી. પરમ દિવસે રાતે જ કલકત્તાથી વિમાનમાં દિલ્હી પહોંચી ગયેલા. સીધા પંડિતજીને ઘેર ગયા. ત્યાં ભારે ભીડ હતી, એટલે બહારથી જ પાછા આવતા રહ્યા. કાલે સવારે ફરી ગયા અને ત્યાં દોઢ-બે કલાક મુંગા બેઠા રહ્યા. પછી શાંતિઘાટ ગયા. ભારે કરુણ દૃશ્ય હતું. જે. પી. એ વખતે બહુ ગભરાઈ ગયા. આજે રામલીલા મેદાનમાં પંડિતજીને શ્રદ્ધાંજલિ આપવા મોટી સભા હતી. તેમાં જે. પી.ને ય બોલવા માટે બહુ આગ્રહ કરવામાં આવ્યો. પણ જે. પી. ન બોલ્યા. એમનું મન ક્યાંય લાગતું નહોતું. બહુ ઉદાસ હતા.

**૩૧-૫-૬૫ : બોધગયા**

આશ્રમમાં આવેલ એક સ્વામીજી સાથે વાતચીતમાં જે. પી.એ કહ્યું: 'હું તો આનો અધિકારી નથી. કેવળ એટલું સમજું છું કે માનવ-સેવા કરવી અને માણસ-માણસ વચ્ચે પરસ્પર પ્રેમભાવ વધે તેવું કરવું. આ જ સંન્યાસ છે ને? અને હું તેમાં જ મગ્ન છું. કોઇ પણ વસ્તુની તૃષ્ણા અને મોહમાંથી મુક્તિ મેળવવી, એ જ તો મોક્ષનું લક્ષણ છે. હું આવો મુક્ત બની ગયો છું એમ તો નથી કહી શકતો. પરંતુ એ દિશાનો પ્રયત્ન અવશ્ય છે.

**૨૮-૩-૬૮ : વોશિંગ્ટન**

વિદેશ-મંત્રી ડીન રસ્ક સાથેની મુલાકાત સારી રહી. હાથ મિલાવતા જે. પી. બોલ્યા : 'મને બહુ ખુશી છે કે હું કોઈ સત્તાસ્થાને નથી, છતાં તમે મને મુલાકાત આપી.'

ડીન રસ્કે કહ્યું: 'હું જાણું છું કે તમે શું છો!'

**૨૨-૮-૬૮ : મદ્રાસ**

જે. પીએ આજનું છાપું વાંચ્યું. તેમાં ચેકોસ્લોવાકિયામાં રશિયાની સેનાએ પ્રવેશ કર્યો છે, તે સમાચાર વાંચીને એ બહુ જ દુ:ખી થઈ ગયા અને એમની આંખમાંથી આંસુ નીકળી પડ્યાં. બહુ જ ઉદાસ રહ્યા.

**૨-૧૧-૬૮ : દિલ્હી**

નેત્રદાન મંડળે જે. પીને અધ્યક્ષ બનાવ્યા છે. જે. પીએ કહ્યું: 'જ્યારે હું આમાં સામેલ થયો, તો મારે પણ મારી આંખનું દાન દેવું જોઈએ. મારું પણ નામ લખી લો. મારા તરફ જોઈ કહે, 'તને કાંઈ વાંધો નથી ને?'

મેં કહ્યું: 'મને શો વાંધો? પણ પહેલું કોણ જશે, તે કોણ જાણે છે?'

**૧૨-૭-૬૯ : યવતમાલ**

આજે જે. પી.ને પૂછવામાં આવ્યું : 'તમે રાષ્ટ્રપતિપદનો અસ્વીકાર કેમ કર્યો?'

જે. પી. એ કહ્યું : શું જયપ્રકાશ નારાયણ વડા પ્રધાને લખેલું ભાષણ વાંચવા માટે રાષ્ટ્રપતિ બને? વગેરે.

**૧૪-૭-૬૯ : નાગપુર**

આજે મહારાષ્ટ્ર-યાત્રાનો આખરી દિવસ છે. જલગાવના ભાષણ બાદ મહારાષ્ટ્રના શિક્ષણ-પ્રધાન મધુકરજી કહેતા હતા કે દેશમાં બધા નેતાઓનાં ભાષણ બંધ કરીને આ ગાંધી-શતાબ્દી વર્ષમાં કેવળ જયપ્રકાશજીને જ ગાંધી-વિચાર સમજાવવા દેશ આખામાં ફેરવવા જોઇએ.

**૧૪-૬-૭૦ : સલહા**

તરુણ શાંતિસેના શિબિરમાં જે. પી.એ કહ્યું કે હવે તો તમારી વચ્ચે આવતાં યે મને સંકોચ થાય છે, કેમ કે હવે હું તરુણ નથી. તેમ છતાં હૃદયમાં તરુણાઈ અનુભવું છું, એટલે આવું છું...મારે કાંઇ લેવું છે નહીં એટલે નિરાશ નથી. જ્યાં સુધી થાકી નહીં જાઉં, ત્યાં સુધી બરાબર કામ કરતો રહીશ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જંબુકુમાર

લેખક : માણેકલાલ મ. દોશી

સંસાર છોડવા જેવો છે મોક્ષ જ મેળવવા જેવો છે અને એને માટે પ્રવજ્યા જ એકમાત્ર આધાર છે. પ્રવજ્યામાં આકત્મિ સુખ છે અને શારીરિક દુઃખ છે. ભગવાનની વાણીના શ્રવણનું ખરેખરૂં ફળ પ્રવજ્યા.

રાજગૃહી નગરીની બહાર સુધર્માસ્વામી મહારાજાની ધર્મદેશના સાંભળીને ૧૬ વર્ષની વયના જંબુકુમાર વિરાગી બન્યા. તેમણે દીક્ષા લેવાનું નક્કી કર્યું.

જંબુકુમારે સુધર્માસ્વામીને કહ્યું, 'હે સ્વામી! આપ અહીં સ્થિરતા કરો. હું માતાપિતાની અનુમતિ લઇ આપની પાસે દીક્ષા લઇશ'.

સુધર્માસ્વામી બોલ્યા, '**મા પડિબંઘં કુણહ** । કોઇના પણ રાગમાં ફસાતો નહિ.'

જંબુકુમાર ઘર તરફ જાય છે, શત્રુ રાજાના હુમલાના ભયથી નગરીના દરવાજા આગળ સૈનિકો હથિયારો લઇને ઉભા હતા. અત્યારે જ લડાઇ થાય તો હું અવિરતિમાં જ મરૂં એમ વિચારી

---

**૧૧–૭–૭૦ : સોખોદેવરા**

અમરેશ સેન વગેરેને પોતાના મુસહરીના નવા કામ અંગે કહે, 'મારા જીવનનો આ નવો વળાંક છે. આનો અમલ જો સારી રીતે ન થયો તો બધું વ્યર્થ જશે.'

**૧૭–૪–૭૧ : જમાલાબાદ**

બેચુબાબુની હત્યાને લીધે જે. પી. બહુ દુઃખી હતા. સૂતી વખતે મને કહે, 'આજથી હું પગ નહીં દબાવું.' ડાયાબીટીસને લીધે એમના પગમાં દર્દ રહે છે. તેથી રાતે ક્યારેક હમણાં પગ દબાવે છે.

**૧૯–૮–૭૧ : દિલ્હી**

મારી બીમારીને લીધે જે. પી. બહુ ચિંતિત હતા. સૂતા તો ચૂપ હતા. કદાચ આંખમાંથી આંસુ પણ નીકળ્યાં.

**૨૯–૫–૭૨ : એરકાટ**

આજે એક મોટી ભૂલ મારાથી થઈ ગઈ. નાસ્તા પછી જે. પી. એ મારી પાસે દવાની શીશી માગી. મેં ભૂલથી માથું ધોવાના શેમ્પૂની શીશી આપી દીધી. જે. પી. અબ્રાહમને કાગળ વગેરે બતાવવામાં એટલા વ્યસ્ત હતા કે શીશી જોયા વિના જ તેમાંથી ચમચી ભરીને પી ગયા. જ્યારે કડવું-કડવું લાગ્યું. ત્યારે જોયું. પછી તો કોગળા કર્યા. હું ગભરાઇ ગઈ. બહુ ચિંતા થઈ. ડોકટર પાસે મણિને પૂછવા મોકલ્યો. એમણે કહ્યું, કાંઈ નુકશાન નહીં થાય.

**૪–૭–૭૨ : ટીપુ ગુન્ટાનાહલ્લી**

જે. પી.એ આજે એક પત્રમાં લખ્યું : 'આપણા સર્વોદયના અને બીજા મિત્રોને હું ઘણી વાર કહી ચૂક્યો છું કે હું નથી ઇચ્છતો કે મારો જન્મ દિવસ ઊજવાય. મારા જીવતાં કે મર્યા પછી મારું કોઈ જાતનું સ્મારક બને કે મારા નામે કોઇ કોષ-સંગ્રહ થાય એમ પણ હું નથી ઈચ્છતો. મારી તો એવી અપેક્ષા છે કે મારા મિત્રો મારી આ ઈચ્છાઓનો આદર કરશે.'

**૧૨–૩–૭૫ : મુંબઈ**

'આનંદ' ફિલ્મ જોઈ હતી. તે વખતથી મારા મન પર તેની ભારે અસર પડી છે. આનંદ પોતાની બીમારી જાણતો હતો અને એમ પણ જાણતો હતો કે પોતે જલદી મરવાનો છે. છતાં કાયમ પ્રસન્ન રહેતો અને સહુને હસાવતો. મૃત્યુને વખતે પણ ભજન સાંભળતો રહ્યો. ઈશ્વર એવી શક્તિ સહુને દે!.... મને જે. પી.ની ચિંતા છે કે મારી બીમારીથી એ બહુ ચિંતિત છે અને ગભરાઈ ગયા છે, ઉપરથી માલુમ નથી પડતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જંબુકુમાર નગરીના દરવાજેથી પાછા ફર્યા. જંબુકુમારે સુધર્માસ્વામી પાસે જઇ જીવનભરના બ્રહ્મચર્ય વ્રતનો અને સમ્યકત્વ વ્રતનો સ્વીકાર કર્યો.

ઘરે આવીને જંબુકુમાર માત પિતાને કહે છે, 'મને ગણધર ભગવંતની દેશના ગમી ગઈ છે અને મારે દીક્ષા લેવી છે.'

માતાપિતા કહે છે, '૮ કન્યાઓ સાથે તારા વિવાહ કર્યા છે. પહેલા લગ્ન કર પછી તું દીક્ષા લઈશ તો તારી સાથે અમે પણ દીક્ષા લઇશું".

જંબુકુમારના માતાપિતાએ આઠે કન્યાઓના માતાપિતાને જણાવી દીધું કે જંબુકુમાર લગ્ન કર્યા બાદ દીક્ષા લેવાનો છે. આઠે કન્યાઓએ જંબુકુમાર દીક્ષા લેવાના છે તેમ જાણવા છતાં જંબુકુમારને જ પરણવાનું નક્કી કર્યું.

પછી જંબુકુમારના લગ્નનો ભવ્ય વરઘોડો નીકળ્યો. જંબુકુમારના પિતા ૯૯ ક્રોડ સોનૈયાના સ્વામી હતા. અને જંબુકુમારના સસરાઓ પણ ધનવાન હતા.

જંબુકુમારે વિચાર્યું. 'આ ભવ્ય વરઘોડો જોઇ લોકો સંસારનું અનુમોદન કરશે એથી તો પાપ બંધાશે. આવતી કાલે હું સંયમ સ્વીકારીશ ત્યારે અતિ ભવ્ય વરઘોડો કાઢીશ'.

જંબુકુમાર ૮ કન્યાઓને પરણીને આવ્યા છે. રાત્રે જંબુકુમાર પોતાની હવેલીમાં પોતાના શયન-ગૃહમાં ૮ કન્યા સાથે દીક્ષા લેવા બાબત વાતચીત કરે છે.

જંબુકુમાર બ્રહ્મચારી હતા. આઠે કન્યાઓ જંબુકુમાર દીક્ષા લેવાનું મોકુફ રાખે તે માટે સ્ત્રીઓની કળાઓ જંબુકુમારને બતાવે છે. આઠે પત્નીઓ જંબુકુમારને સંસારમાં રહી સુખો ભોગવવા સમજાવે છે.

જંબુકુમારના ગામમાં પ્રભવ નામે ચોર હતો. તેના ૪૯૯ બીજા ચોર સાથીઓ હતા. પ્રભવે વિચાર્યું કે જંબુકુમાર ૮ કન્યા પરણી લાવ્યો છે તેથી આજે તેની હવેલીમાં ચોરી કરવામાં સફળ થઇએ તો ખૂબ જ દાગીનાઓ મળે અને જીવનમાં કદિ ફરી ચોરી કરવી ન પડે. આથી પ્રભવ તેના સાથીદારો સાથે રાત્રે હવેલીમાં ચોરી કરવા આવ્યો.

પ્રભવ પાસે અવસ્વાપિની અને તોલાદ્દઘાટિની બે વિદ્યાઓ હતી. પ્રથમ વિદ્યાનો પ્રયોગ જેના પર કરે તે ઉંઘી જાય અને બીજી વિદ્યાથી તિજોરી અને તાળાં ખુલ્લી જાય.

આવો શક્તિશાળી ચોર ધારેલું કરે તેમાં શી નવાઈ ?

પ્રભવે અવસ્વાપિની નિંદ્રાનો મંત્ર ભણ્યો એટલે જંબુકુમારની ૮ પત્નીઓ ઊંઘી ગઈ. પછી પ્રભવે શયન ગૃહમાં પ્રવેશ કર્યો. બધાને ઊંઘેલા માની પ્રભવ જંબુકુમારની પત્નીઓના અલંકારો ચોરવા જાય છે ત્યારે જંબુકુમાર બોલ્યા. 'કોઇ ચીજને સ્પર્શ ન કરજે પાપી !'

પ્રભવ ત્યાં જ થંભી ગયો. પ્રભવે ત્યાંથી હટવા ઘણું બળ કર્યું પણ પ્રભવ હટી શક્યો નહિ. પ્રભવે માન્યું કે જંબુકુમારે સ્થંભિની વિદ્યાથી મને સ્થિર કરી દીધો છે.

જંબુકુમાર ધારત તો પ્રભવને શયનગૃહમાં જ મારી નાખી શકે તેમ હતો. પણ જે પુરુષ સવારે દીક્ષા લેવાનો છે, પોતાનું તમામ ધન છોડી દેવાનો છે તે ચોરને મારે પણ શું કામ ?

પ્રભવને જંબુકુમાર માટે પૂજ્ય ભાવ થયો. પ્રભવ બોલ્યો, હે મહાપુરુષ ! હું પ્રભવ ચોર છું. મારી અવસ્વાપિની અને તોલાદ્દઘાટિની વિદ્યા તમોને હું આપું અને તમે મને સ્થંભિની અને મોચિની વિદ્યા આપો.'

પ્રભવ ચોર તેની જગ્યાએથી હટી શકતો ન હતો.


જંબુકુમાર બોલ્યા, મારી પાસે કોઈ વિદ્યા નથી. મારે તારી વિદ્યાની જરૂર નથી. સવારે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગવાસ નોંધ



—: જન્મ :—
સંવત : ૧૯૫૬
ભાદરવા શુદ ૧૧

—: સ્વર્ગવાસ :—
સંવત : ૨૦૩૨
કાર્તિક વદ ૧

આપણી સભાના માનદ્ મંત્રી શ્રી જાદવજીભાઇ ઝવેરભાઇનું તારીખ ૨૦-૧૧-’૭૫ને શુક્રવારના રોજ ભાવનગર મુકામે દુઃખદ અવસાન થયું તેની નોંધ લેતા અમે અનહદ દુઃખ અનુભવીએ છીએ.

સ્વ. શ્રી જાદવજીભાઈ સં. ૧૯૯૦માં આ સભાના આજીવન સભ્ય બન્યા હતા. અને સં. ૨૦૦૨થી આ સંસ્થાના માનદ્ મંત્રી તરીકે પોતાની સેવા આપી રહ્યા હતા.

આપણી સભા તેમના હૈયે વસી હતી અને તેઓ સભાની ઉન્નતિ માટે સતત ચિંતા સેવતા હતા. સભાનું સંચાલન તેઓ ખૂબ કાળજી અને ચીવટથી કરતા.

તેમનો સ્વભાવ શાન્ત અને માયાળુ હતો, તેઓ સાચા સેવાભાવી હતા અને અનન્ય ભાવે એકધારી ત્રીસ વર્ષ સુધી આ સંસ્થાની સેવા કરી હતી. તેમના જીવનની છેલ્લી ઘડી સુધી તેઓએ મંત્રી તરીકે સંસ્થાની સુંદર સેવા કરી હતી.

તેમના સ્વર્ગવાસથી આ સંસ્થાને મોટી ખોટ પડી છે. તેમના આત્માને ચિરશાંતિ પ્રાર્થીએ છીએ અને તેમના કુટુમ્બ પર આવી પડેલ આ આપત્તિ પ્રત્યે સમવેદના પ્રગટ કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસરની કાર્યવાહક કમિટીની મીટીંગ આજરોજ દેરાસરે મળી હતી અને તેમાં નીચે મુજબનો ઠરાવ પસાર કરવામાં આવેલ છે.

આપણી કમીટીના સભ્ય શ્રીયુત શાહ જાદવજીભાઈ ઝવેરભાઈ સં. ૨૦૩૨ના કારતક વદ ૧ બુધવારે રાત્રે સ્વર્ગસ્થ થયા તેથી ઘણીજ દીલગીરી થાય છે. તેઓશ્રી દેવગુરુ ધર્મ પ્રત્યે અનન્ય શ્રદ્ધાવાળા હતા. આપણી કમીટીમાં સક્રીય ભાગ લેતા હતા અને પોતાની કિંમતી સલાહ સૂચના આપતા રહેતા હતા. તેઓશ્રીનાં અવસાન બદલ આજે મળેલી મીટીંગ દિલગીરી દર્શાવે છે અને તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખ માટે સમવેદના વ્યક્ત કરે છે.

સ્વર્ગસ્થના આત્માને શાસનદેવ શાંતિ આપે એવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

તેમનાં કુટુંબીજનોને આશ્વાસન આપવાનું ઠરાવવામાં આવે છે અને બે મીનીટ મૌન પાળી ત્રણ નવકાર મંત્ર ગણી શાંતિ ઇચ્છે છે.

ઉપરોક્ત ઠરાવ તેમના કુટુંબીજનોને સેક્રેટરીની સહીથી મોકલવાનું ઠરાવવામાં આવે છે.

ધીરજલાલ દુર્લભદાસ
સેક્રેટરી

શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર
દેરાસર કમીટી–ભાવનગર.

## અમૃતની પરબ

દુનિયામાં જીવન સહુને પ્યારું લાગે છે; મરણ સહુ કોઈને અકારું લાગે છે. છતાં અમરપટો કોઈને મળતો નથી અને મરણના પંજામાંથી કોઈ બચવા પામતું નથી. જન્મેલાનું મૃત્યુ એજ કુદરતનો અદલ ઇન્સાફ છે; એમાં ન કોઇ તરફ ભેદભાવ કે ન કોઈ તરફ પક્ષપાત–જાણે જન્મ-મરણના તાણાવાણાથી જ સંસારનો પટ વણાતો રહે છે.

કોઈ પ્રાણી આવે છે, કોઈ જાય છે; અને એ રીતે જગતની અખંડ ઘટમાળ ચાલ્યા જ કરે છે પ્રાણીના જીવનનાં આદિ અને અંત ભલે હોય, સંસારની વણઝાર તો અનાદિ-અનંત છે. એને ન શરૂઆત, ન છેડો છે. એ તો પેલા ખળખળ વહેતા અખંડ ઝરણા જેવી વાત સંભળાવે છે મારા કિનારે માનવી આવે કે જાય, હું તો સદાકાળ વહેતું વહેવાનું.

( 'ગુરુ ગૌતમસ્વામી'માંથી સાભાર ઉદ્ધૃત. )

For Private And Personal Use Only